# ‘ભારતમાં હું અથવા આતંકવાદ રહેશે’ : મોદી

**મને ખુરશીની પરવાહ નથી : હું રહીશ કાં તો આતંકવાદ રહેશે : મોદી : વડાપ્રધાને પાટણમાં જંગી જનસભા સંબોધી : કોંગ્રેસ પર પ્રહારો કર્યા : કોંગ્રેસે ૪૦ વર્ષમાં દેશની દુર્દશા કરી નાંખી : આ ચા વાળાએ પાંચ વર્ષમાં દેશને વિશ્વની છઠ્ઠી મોટી મહાસત્તા બનાવી : નોટ પર એક બાજુ ગાંધી અને બીજી બાજુ રાનકી વાવ જોવે છે**

ગાંધીનગર

ગુજરાતમાં આપણે હજીરામાં એવી તોપ બનાવી છે કે તોપ બનાવી રહ્યાં છે જે પૈકી એક ગુજરાતમાં છે. પુલવામા આતંકી હુમતા પછી પાકિસ્તાને તૈયારી કરી પાકિસ્તાનના ઈમરાન ખાનને ક્યાંથી ખબર પડે.

આ શબ્દો વડાપ્રધાન નરેન્દ્ર તેમણે પાકિસ્તાન પર પલટવાર કર્યો હતો. મોદીએ કહ્યું કે લોકો જોતા રહી ગયા અને આપણે એરસ્ટ્રાઈક આંતકવાદ કોને વધાર્યો છે. મેં નક્કી કરી લીધું છે કે કાં તો હું રહીશ અથવા તો આતંકવાદ રહેશે.





જે કચ્છના નડાબેટમાં ઉભી હોય તો ૨૮ કિલોમીટર દૂર પાકિસ્તાનને ઘરમાં જઈને મારી શકે છે. આજે હિન્દુસ્તાનમાં ત્રણ મોટા કારખાના હતી કે મોદી અહીંથી એટલે કે ગુજરાતમાંથી આવશે. આપણા શરદ પવારને ખબર ન પડતી હોય કે મોદી ક્યાંથી આવશે, તો પછી મોદીના છે. ગુજરાતમાં ૨૬ લોકસભા બેઠકોના અંતિમ ચૂંટણી પ્રચારમાં તેમણે ઉત્તર ગુજરાતા પાટણમાં જનસભા સંબોધી હતી. કરીને ખેલ પુરો કરી દીધો છે. મોદીએ કહ્યું કે ૪૦ વર્ષમાં આંતકવાદીઓએ આપણને આંસુ લૂછવા દીધા નથી અને આ

પહેલાની સરકાર મૌન ધારણ કરીને રાખ્યું. શ્રદ્ધાંજલી આપે. પરંતુ મને ખુરશીની પરવા નથી. ખુરશી જવી હોય તો જાય. પણ અથવા તો હું રહીશ અથવા તો આતંકવાદ રહેશે. પહેલા દેશમાં ધડાકા થતા હતા. પણ હવે ધીરે ધીરે બંધ થઈ ગયું. અને જમ્મુ-કાશ્મીર સરહદ સુધી જ સિમિત થઈ ગયું.

મોદીએ તેમની આ જનસભામાં પાટણ, બનાસકાંઠા અને મહેસાણા બેઠકોને આવરી લીધી હતી જ્યાં ભાજપના ઉમેદવારને જીતવામાં મુશ્કેલી છે. મોદીએ કહ્યું કે મારા જીવનમાં પહેલો ફોટો પાટણના સ્ટુડિયોમાં પડાવ્યો હતો. મને ગુજરાતે મોટો કર્યો છે. આપણી ચલણી નોટ પર એક બાજુ ગાંધીજી છે અને બીજી બાજુ પાટણની રાણ કી વાવ છે. મોદીએ કહ્યું કે આપણે અમેઠીમાં પણ એકે-૪૭ જેવી રાયફલો બનાવવાનું શરૂ કર્યું છે એટલે તેને બહારથી લાવવી નહીં પડે, આપણે બીજા દેશોમાં વેચાણ કરીશું.

મારા માટે આ ચૂંટણી સભા નથી પરંતુ જેમણે મને મોટો કર્યો છે તેના દર્શન કરવા છે તેવું કહી મોદીએ દાવો કર્યો હતો કે આ વખતે પણ ગુજરાત અમને ૨૬ બેઠકો આપશે. ૨૩મી મે ના રોજ ચૂંટણી પરિણામ આવશે અને ફીર એકબાર મોદી સરકાર બનશે. તમારા ઘરના પુત્રને સાચવવાની જવાબદારી તમારી છે.

મોદીએ કહ્યું કે આજે દુનિયાના લોકો મને મળે છે. અમેરિકા, ચીન, રશિયા અને જાપાન સહિતના દેશોના વડાપ્રધાન અને રાષ્ટ્રપતિને હું મળું છું પણ અહીં આવીને તમને મળીને હાથ મિલાવું છું તો તેની મજા અલગ છે. તમે મને પ્રેરણા આપો છો. નવી ઉર્જા આપો છો. મને દેશ માટે કંઈક કરવાની પ્રેરણા મને ગુજરાતમાંથી મળે છે.

કોંગ્રેસ પર આક્ષેપ કરતાં મોદીએ કહ્યું કે કોંગ્રેસે દેશની દુર્દશા કરી હતી. આતંકવાદને ઉછેર્યો હતો. મુંબઈમાં મોટો આતંકી હુમલો થયો હતો. આજે પણ આતંકીઓના પ્રયાસો ચાલુ છે છતાં મેળ પડતો નથી. બોમ્બ બ્લાસ્ટ કરનારી ગેંગ જમ્મુ-કાશ્મિર સુધી સિમિત બની ગઈ છે.

પુલવામા આતંકી હુમલા પછી કોંગ્રેસના નેતાઓ જવાબ માગતા હતા. એરસ્ટ્રાઈક સામે પણ સવાલો ઉઠાવ્યા હતા પરંતુ હવે કોઈ નેતા બોલતો નથી. પહેલા અને બીજા તબક્કાના મતદાન પછી કોંગ્રેસને ખબર પડી ગઈ છે કે આપણે ડૂબી રહ્યાં છીએ.

## પૂનમ માડમના પિતરાઈ ભાઈ નીતિન કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા

**કોંગ્રેસના ધારાસભ્ય વિક્રમ માડમ અને ચિરાગ કલસરિયા સહિતના નેતાઓની હાજરીમાં કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો**

અમદાવાદ,તા.૨૧

જામનગર પંથકમાં લોકસભઆ ચૂંટણીના બે દિવસ પહેલા જ ભાજપમાં ભૂકંપ સર્જાયો છે. જામનગર ભાજપના મીડિયા સેલના સભ્ય અને સાંસદ પૂનમબેન માડમનાં પિતરાઈ ભાઈ નીતિન માડમ કોંગ્રેસમાં જોડાતાં સ્થાનિક રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસના ધારાસભ્ય વિક્રમ માડમ અને ચિરાગ કલસરિયા સહિતના નેતાઓની હાજરીમાં નીતિન માડમે કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો હતો, જેને લઈ ભારે ચર્ચા ચાલી હતી.

લોકસભાની ચૂંટણીના ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે જ ભાજપના મહિલા સાસંદ પૂનમ માડમના પિતરાઈ ભાઈ નીતિન માડમ કોંગ્રેસની છાવણીમાં બેસી જતાં ભાજપને મોટો ફટકો મળ્યો છે તો, નીતિન માડમના કોંગ્રેસમાં જોડાવાથી જામનગર અને તેની આસપાસના પંથકોમાંથી કોંગ્રેસને સ્થાનિક મતોને લઈ ફાયદો થઈ શકે તેવુ મનાઈ રહ્યું છે. કોંગ્રેસના પ્રચાર અને રોડ -શો માં પણ નીતિન માડમ જોડાયા હતા અને સ્થાનિક મતદારોને કોંગ્રેસ તરફી મતદાન કરવા અપીલ કરતાં જોવા મળ્યા હતા ત્યારે જામનગર બેઠકને લઈ ભાજપની થોડી ચિંતા વધી હતી.

નીતિન માડમના જોવાથી કોંગ્રેસને સ્થાનિક કક્ષાએ મજબૂતી મળી છે અને લોકસભા ચૂંટણીમાં તે મહત્વનું સાબિત થાય તેવું મનાઈ રહ્યું છે. જો કે, નીતિન માડમના કોંગ્રેસમાં જોડાવાને લઈ સ્થાનિક રાજકારણ ગરમાયું હતું અને ભાજપની છાવણી આ નવા ડેવલપમેન્ટને લઈ મતોના રાજકારણમાં કયાંક કાચુ ના કપાય તેની મથામણમાં વ્યસ્ત બની હતી.

## ત્રીજા ચરણના પ્રચારનો અંત

**ગુજરાતની ૨૬ સહિત ૧૧૬ સીટ પર આવતીકાલે મતદાન : ત્રીજા તબક્કાની ચુંટણી માટે પ્રચારનો અંત આવે તે પૂર્વે નરેન્દ્ર મોદી, અમિત શાહ, રાહુલ ગાંધી સહિતના બધા દિગ્ગજોએ પ્રચારમાં તમામ તાકાત લગાવી**

નવી દિલ્હી, તા.૨૧

૧૩ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતી લોકસભાની ૧૧૬ બેઠકો પર ત્રીજા તબક્કા માટે મતદાનને લઈને ભારે ઉત્સુકતા છે. આજે ત્રીજા તબક્કા માટે ચુંટણી પ્રચારનો અંત આવ્યા બાદ હવે ઘરે ઘરે જઈને પ્રચારની શરૂઆત થશે. આ વખતે ત્રીજા તબક્કામાં ગુજરાતમાં પણ તમામ ૨૬ બેઠક પર મતદાન યોજાનાર છે. તમામ ઉમેદવારોના ભાવિ ૨૩મી એપ્રિલના દિવસે મતદાન બાદ સીલ થશે. ૧૧૬ બેઠકો, ૧૩ રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આવેલી છે. ત્રીજા તબક્કામાં જ્યાં મતદાન યોજાનાર છે તેમાં ગુજરાતમાં તમામ ૨૬, કેરળમાં ૨૦, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ૧૪-૧૪ ઉત્તરપ્રદેશમાં ૧૦, છત્તીસગઢમાં સાત બેઠકો પર મતદાન થશે. જમ્મુ-કાશ્મીરમાં એક બેઠક ઉપર મતદાન થશે. બીજી બાજુ આજે લોકસભા ચુંટણીના પાંચમાં તબક્કા માટે ઉમેદવારી ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. ઉમેદવારી પાછી ખેંચવા માટેની તારીખ હવે સોમવારના દિવસે રહેશે. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોને આવરી લેતી ૫૧ બેઠકો પર મતદાન થશે. ચુંટણીને લઈને અભૂતપૂર્વ તૈયારીઓ કરી લેવામાં આવી છે. હજુ સુધી બે તબક્કામાં મતદાન થઈ ચુક્યું છે. ૧૮૬ બેઠક પર મતદાન થયું છે. ૧૧મી એપ્રિલના દિવસે પ્રથમ તબક્કામાં અને ૧૮મી એપ્રિલના દિવસે બીજા તબક્કામાં મતદાન થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી એપ્રિલના દિવસે અને બીજા તબક્કામાં ૧૮મી એપ્રિલના દિવસે મતદાન થયું હતું. હવે ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે.તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મીલોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થયુ હતુ. બીજા તબક્કામાં ૧૨ રાજ્યોની ૯૫ સીટ પર મતદાન થયું હતું. ત્રીજા તબક્કામાં મંગળવારના દિવસે ૧૩ રાજ્યોને આવરી લેતી ૧૧૬ બેઠકો ઉપર મતદાન થશે. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થનાર છે.

**ક્યાં-ક્યાં મતદાન**

| રાજ્ય | બેઠક |
|---|---|
| ગુજરાત | ૨૬ |
| કેરળ | ૨૦ |
| મહારાષ્ટ્ર | ૧૪ |
| કર્ણાટક | ૧૪ |
| ઉત્તરપ્રદેશ | ૧૦ |
| છત્તીસગઢ | ૦૭ |
| ઓરિસ્સા | ૦૬ |
| બિહાર | ૦૫ |
| બંગાળ | ૦૫ |
| આસામ | ૦૪ |
| ગોવા | ૦૨ |
| જમ્મુ-કાશ્મીર | ૦૧ |
| દાદરાનગર હવેલી | ૦૧ |
| દમણ અને દીવ | ૦૧ |
| કુલ | ૧૧૬ |

નોંધ : ૧૩ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશમાં મતદાન

## વર્લ્ડ લિવર ડે દર વર્ષે ૧૯ એપ્રિલે મનાવાય છે કે જેથી લિવરના સ્વાસ્થ્ય અને સંબંધિત રોગો અંગે જાગૃતિ ફેલાવી શકાય

આપણા શરીરમાં મગજ ઉપરાંત લિવર બીજું સૌથી વિશાળ અને સૌથી જટિલ અંગ છે. આપણે દવાઓ સહિત જે કંઈ ખાઈએ અને પીએ છીએ એ બધું જ લિવરમાંથી પસાર થાય છે. તેની જો યોગ્ય સંભાળ ન લેવામાં આવે તો તેને હાનિ પહોંચી શકે છે.

લિવર દ્વારા અત્યંત જટિલ કામગીરી કરવામાં આવે છે જેમકે ચેપ અને રોગો સામે લડે છે. આપણા શરીરમાં બ્લડ સુગરને નિયમિત કરે છે. શરીરમાંથી તમામ ઝેરી પદાર્થોને દૂર કરે છે. શરીરમાં કોલેસ્ટ્રોલ સ્તરને અંકુશિત કરે છે. ક્લોટિંગ પ્રોસેસમાં લોહીને મદદ કરે છે. પાચનમાં તે બાઈલ મુક્ત કરવામાં મદદ કરે છે.

લિવરના રોગ સામાન્ય રીતે તેને હાનિ ન પહોંચે ત્યાં સુધી કોઈ ચોક્કસ લક્ષણો દર્શાવતા નથી. લિવરને હાનિ થવાના સંભવિત લક્ષણોમાં ભૂખ ન લાગવી, કમળો અને વજન ઘટવું વગેરે સામેલ રહે છે. એવા અનેક કારણો છે કે જેના કારણે વિવિધ પ્રકારની લિવરની સમસ્યાઓ થઈ શકે છે પરંતુ તેમાં સૌથી પ્રાથમિક કારણ આપણે પસંદ કરેલી જીવનશૈલી હોય છે જેમકે વધુ પડતા ફેટ્ટી(ચરબીયુક્ત) પદાર્થો ખાવા, કસરતનો અભાવ અને વધુ માત્રામાં આલ્કોહોલનું સેવન સામેલ હોય છે.

લિવરના સામાન્ય રોગો આપણી જીવનશૈલીની આદતોના કારણે થાય છે જેમાં હિપેટાઈટીસ એ, બી અને સી, સિરોસીસ, ફેટ્ટી લિવર ડિસીસ અને કેન્સર સામેલ હોય છે. લિવર સિરોસીસમાં લિવરના કોષો નાશ પામે છે અને લિવરમાં કાયમ માટે સ્કેરિંગ થાય છે.

### શ્રીલંકા

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૩મી એપ્રિલ સુધી સ્કુલ અને કોલેજો તથા સરકારી સંસ્થાઓમાં રજાની જાહેરાત કરી દેવામાં આવી છે. શ્રીલંકન પોલીસના તમામ જવાનોની રજા રદ કરી દેવામાં આવી છે. શ્રીલંકામાં આજે સવારે એક પછી એક બ્લાસ્ટનો સીલસીલો શરૂ થયો હતો. ત્રણ ચર્ચ અને કેટલીક હોટલોને ટાર્ગેટ બનાવવામાં આવી હતી. પ્રથમ બ્લાસ્ટ કોલંબોમાં સેન્ટએન્ટની ચર્ચ અને બીજો બ્લાસ્ટ પાટનગરની બહાર નેગોમ્બો વિસ્તારમાં સેબેસ્ટીયન ચર્ચમાં કરાયો હતો. ત્રીજો બ્લાસ્ટ પૂર્વીય શહેર બાટીકોલોવામાં ચર્ચામાં થયો હતો.

## સાબરકાંઠા લોકસભાના ભાજપના ઉમેદવારનો હિંમતનગર-ઈડર-વડાલીમાં ભવ્ય રોડ શો યોજાયો

હિંમતનગર, તા. ૨૧

લોકસભાની ચૂંટણીઓનો શંખનાદ વચ્ચે મતદાનનો દિવસ



નજીક આવી રહ્યો છે. ત્યારે આજરોજ સાબરકાંઠા લોકસભાના ભાજપના ઉમેદવાર દીપસિંહ રાઠોડનો હિંમતનગર-ઈડર-વડાલી ખાતે રોડ શો યોજાયો હતો. જેમાં સંપર્ક યાત્રા પણ કહી શકાય. આ વિશે વધુ વિગત આપતા જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ તથા શહેર સંગઠન પ્રમુખ અનીરૂધ્ધ સોરઠીયાએ જણાવેલ કે ફરી એકવાર મજબુત-સુરક્ષીત અને સલામત રાષ્ટ્રવાદી સરકાર રાષ્ટ્રહિત માટે બને અને ફરી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બને તેવી સૌની લાગણી છે. આ રોડ શો-બાઈક રેલી દ્વારા ઉમેદવાર સાથે દરેક વોર્ડમાં સરળતાથી જઈ શકાય તે મુખ્ય ઉદ્દેશ છે અને ત્યાંના કાર્યકરો-નાગરીકો પણ ઉમેદવાર દીપસિંહજીને મળી શકે હિંમતનગરની આ સંપર્ક યાત્રા શહેરના મહેતાપુરાથી નિકળી ન્યાય મંદીર, આંબેડકર સર્કલ, મોતીપુરા, છાપરીયા, મહાવીરનગર, બજાર વિસ્તાર થઈ જીલ્લા ભાજપ કાર્યલય પૂર્ણ થયેલ. જેમાં અન્ય ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જીલ્લા ઉપપ્રમુખ વિજયભાઈ પંડ્યા, યુવા પ્રમુખ કલ્પીત દવે, હિરેનભાઈ ગોર, માર્કેટયાર્ડના ચેરમેન જેઠાભાઈ પટેલ, અમૃતભાઈ પુરોહિત, સાવન દેસાઈ, સવજીભાઈ ભાટી, વિમલ ઉપાધ્યાય, રાકેશભાઈ પટેલ, શૈલેષ ધુવાડ, જીલ્લા ખજાનચી જયેશભાઈ શાહ, અર્ચનાબેન સોની, હંસાબેન પિત્રોડા, વિમળાબેન પ્રસાદ, રાહુલ પટેલ, જીગર સુથાર, ગોપાલ પ્રજાપતિ, અશ્વીનભાઈ પ્રજાપતિ, જગદીશ સોરઠીયા, અશોક વાઘેલા, જયપ્રકાશ શાહ, રાજુ દેસાઈ, કલ્પેશ સાંખલા, ડીકુલ ગાંધી સહિત અનેક કાર્યકરો હાજર રહેલ. ઈડર અને વડાલીમાં ધારાસભ્ય હિતુભાઈ કનોડીયાની ઉપસ્થિતિમાં ઉમેદવાર દીપસિંહ રાઠોડ, જાણીતી ગાયક કલાકર ફરીદા મીર અન્ય કલાકારો સહિત અનેક કાર્યકરો-યુવા મોરર્ચા-મહિલા મોરર્ચા સહિત હાજર રહેલ.

### સી.જે. ચાવડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ રોડ શૉ માં ડૉ. ચાવડાની સાથે બેઠકના પ્રભારી મંદાકિનીબેન પટેલ, પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, જિલ્લાના પૂર્વ પ્રમુખ જશુભા રાણા, વિરેન્દ્રસિંહ વાઘેલા, ક્રિભકોના ડિરેક્ટર પરેશ પટેલ, શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખો વિક્રમસિંહ ખાચર, મુકેશભાઈ પટેલ પણ જોડાયા હતા. આ ઉપરાંત શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, ઝોન પ્રમુખો રાજેન્દ્રસિંહ તેમજ તેજાભાઈ દેસાઈ, મનપાના વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, કાઉન્સીલરો સર્વ ચીમનભાઈ વિંઝુડા, જીતુભાઈ રાયકા, હસમુખભાઈ મકવાણા, અંકિતભાઈ બારોટ, હિરલબેન જોશી, ઉર્વશીબેન, પાયલબેન મેણાત, પિન્કીબેન પટેલ, લલીબેન ઠાકોર, રોશનબેન પરમાર, રાકેશ પટેલ, જિલ્લા શહેર સંગઠનના આગેવાનો રાકેશ જાની, વિજયભાઈ સોલંકી, ગૌતમભાઈ સોલંકી, ઉર્પલભાઈ જોશી, ઈશ્વરભાઈ દેસાઈ, અશોકભાઈ શ્રીમાળી, યુસુફભાઈ પઠાણ, યુવરાજસિંહ રાણા, જિલ્લા પંચાયતના પ્રમુખ મંગુબેન પટેલ, સનાભાઈ પટેલ, ભાવિન ઠાકોર, દિનેશજી ઠાકોર, બેચરજી ઠાકોર, મહેન્દ્રસિંહ વાઘેલા(પેથાપુર), નટવરસિંહ ડાભી, હરેશ પટેલ, રજનીભાઈ પટેલ, કે.આર. પટેલ, મહિલા કોંગ્રેસના લીરલબા વાઘેલા, કપીલાબેન ચાવડા, વિમળાબેન વેગડા, ભાનુમતીબેન રોહિત, જશીબેન શ્રીમાળી, સોનલબેન ચાવડા, સવિતાબેન રાઠોડ, શેહનાઝબેન, હેમાલીબેન, હંસાબેન પરમાર, રમીલાબેન વિગેરે સાથે દરેક વોર્ડ પ્રમુખો જોડાયા હતા.

### નજર રાખશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે. તંત્ર ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં થાય તે માટે કટિબદ્ધ છે.

તંત્રએ આ માઈક્રો ઓબ્ઝર્વર ઉપરાંત ૨૦૬ બુથોનું પણ આ સંસદીય મતવિસ્તારના જે છે તેનુ વેબકાસ્ટીંગ કરવાનો નિર્ણય કર્યો છે. જે વેબકાસ્ટીંગ થવાનું છે તેનુ સીધુ મોનીટરીંગ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરી ખાતે વિશેષ ટીમ દ્વારા કરાશે. જે બુથોનું વેબકાસ્ટીંગ થવાનું છે તેમાં ગાંધીનગર (ઉ)ના ૨૮, કલોલના ૩૧, સાણંદના ૩૨, ઘાટલોડિયાના ૨૭, વેજલપુરના ૪૦, નારણપુરાના ૨૪ અને સાબરમતીના ૨૪ બુથોનો સમાવેશ થાય છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ET TMT
BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Craayons
Pre-School & Activity center
ADMISSION OPEN 2019-20



VISHESH
Changing Children's Lives...
AFTERNOON BATCH
DAY CARE - PLAY GROUP - SENIOR KG
JUNIOR KG - NURSERY
Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment,
Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com